બાળકોનું બાઈબલ
રજૂ કરે છે :

# દાનિયેલ અને સિંહોના બિલ



લેખક : Edward Hughes

સુચરિત્ર કરનાર : Jonathan Hay

અનુકૂલન : Mary-Anne S.

ભાષાંતર કરનાર : મનોજકુમાર આઈ. ખ્રિસ્તી

નિર્માતા : Bible for Children
www.M1914.org

©2017 Bible for Children, Inc.
પરવાનગી : આ સાહિત્યનો જ્યાં સુધી તમે વ્યાપર કરતા નથી ત્યાં સુધી તમે તેની નકલ છાપી શકો છો.

હવે બાબિલનો નવો રાજા દાયવિશ હતો. તે ખૂબ જ ચપળ હતો. તેણે તેના રાજ્યમાં મદદ કરવા માટે એકસો વીસ સૂબાઓની પસંદગી કરી.



ત્યારબાદ તેણે તેઓ પર વહીવટ ચલાવવા માટે ત્રણ વ્યક્તિઓને પસંદ કર્યા, ત્રણમાં દાનિયેલ પણ એક વ્યક્તિ હતો.



દાર્યાવેશ રાજાએ દાનિયેલનો ખૂબ જ આદર કર્યો અને તેને આખા રાજ્ય પર અધિકારી બનાવવા માટે વિચારવા લાગ્યો.



પણ ત્યાંના બીજા આગેવાનો તેની અદેખાઈ કરતા હતાં. તેઓએ દાનિયેલને સંકટમાં નાખવા માટે તેનામાં કોઈ દોષ કે ભૂલ મળી જાય તેની શોધ કરવા લાગ્યાં.



તેઓએ ખૂબ જ મહેનત કરી પણ તેમને તેનામાં કોઈ દોષ દેખાયો નહી. દાનિયેલે જે કાંઈ કર્યું તે સર્વમાં તે રાજાને વફાદાર રહ્યો. સાથે તે સાવચેત તથા હોંશિયાર પણ હતો અને તેણે જે સઘળું ઉત્તમ કરી શકાય માટે પરિશ્રમ કર્યો.



આ ઈર્ષાળુ આગેવાનો પાસે ફક્ત એક જ રસ્તો હતો કે જેથી તેઓ દાનિયેલને ફસાવી શકે. તેમને ખબર હતી કે દુનિયાની કોઈ તાકાત તેને ઈસ્રાએલના દેવની ઉપાસના કરતા રોકી શકતી નથી.



દાનિયેલના દુશ્મનોએ એક યોજના ઘડી નાંખી. તે લોકોએ રાજાને એક નવા કાયદા પર શાહી કરાવડાવી




એ કાયદો એમ કહેતો હતો કે દરેક વ્યક્તિએ ફક્ત દાયાવિશ રાજાને જ પ્રાર્થના કરવી. જો કોઈ આ હુકમનો અનાદર કરશે તો તેમને સિંહોના બિલમાં નાંખવામાં આવશે.

દાર્યાવેશ રાજાએ આ નવા કાયદા પર શાહી કરી.



આ નવા કાયદાથી દાનિયેલનાં
જીવનમાં કોઈ ફેર ન આવ્યો.
તે દરરોજ કરતો હતો તે તેણે
કર્યું, તેણે પોતાની બારી ખોલીને
ઘૂંટણે પડીને સ્વર્ગના
દેવને ત્રણ વાર
પ્રાર્થના કરી.







આ ઈર્ષાળુ
આગેવાનો રાજા
પાસે દોડી ગયા
અને રાજાને કહી
દીધું. રાજા પાસે
કોઈ રસ્તો ન
હતો. એટલે તેણે
દાનિયેલની
ધરપકડ કરી.



કાયદાનું પાલન
થવુ જરૂરી હતું.
હવે દાનિયેલને
મરવાનું હતું.
રાજાએ ખૂબ જ
પ્રયાસ કર્યો પણ
તે કોઈ રીતે આ
કાયદો બદલી
શક્યો નહીં.

દાનિયેલને સિંહોના બિલમાં નાખી દેવાની સજા ફટકારવામાં આવી. દાનિયેલને આ ભૂખ્યા સિંહો પાસે નાખી દેવામાં આવે તે પહેલા દાર્યાવેશ રાજાએ કહ્યું, “તારો ઈશ્વર જેની તું રાતદિવસ સેવા કરે છે તે તને છોડાવશે.”



એ રાત્રે રાજાને ઊંઘ ન આવી. વહેલી સવારે તે સિંહોના બિલના મુખ પાસે પહોંચી ગયો.





દાર્યાવેશ રાજાએ હાંક મારી, “દાનિયેલ, જીવતો છે?” જે દેવની તું પ્રતિદિન ઉપાસના કરે છે તે શું તને આ સિંહોના સકંજામાંથી બચાવી શક્યો છે? કદાચ તેણે જવાબની આશા રાખી નહીં હોય. પણ દાનિયેલે જવાબ દીધો.

દાનિયેલે પાછો
જવાબ દીધો,
“ઓ રાજાજી, મારા
ઈશ્વરે પોતાના દૂતને મોકલીને સિંહોના મુખ
બંધ કરાવ્યા છે. તેથી તેઓએ મને નુકશાન
પહોંચાડ્યું નથી.
અને રાજા મેં
તમારી વિરૂદ્ધમાં
કોઈ ગુનો
કર્યો નથી.”



દાર્યાવેશ ખૂબ જ આનંદથી ભરાઈ ગયો! તેણે દાનિયેલને બહાર કાઢવા માટે આજ્ઞા કરી.



રાજાને ખબર પડી કે
ઈશ્વરે દાનિયેલને
બચાવ્યો હતો અને હવે
દાનિયેલના દુશ્મનો
ઈશ્વરના
દુશ્મનો
બન્યા હતાં.



તેણે એવો કાયદો બહાર
પાડ્યો કે જે સર્વએ તેને
આવો ખરાબ કાયદો શાહી
કરવા માટે પ્રેર્યા હતા તે
સર્વને તે સિંહોના
બિલમાં નંખાવ્યા.
સિંહોએ બધાને
ફાડી ખાધા.



દાર્યાવેશ રાજા આખી દુનિયાને જણાવવા માંગતો હતો કે સ્વર્ગના ઈશ્વરે તેના વિશ્વાસુ સેવક દાનિયેલને બચાવ્યો હતો. રાજાએ એ પત્ર બહાર પાડ્યો કે દરેક વ્યક્તિએ દાનિયેલના ઈશ્વરની ઉપાસના કરવી. અને ત્યારબાદ દાનિયેલને માન સાથે પોતાના પદ પર પાછો લાવવામાં આવ્યો.



# દાનિયેલ અને સિંહોના બિલ

બાઈબલ, ઈશ્વરના વચનમાંથી વાર્તા

જે આપણને મળે છે,

દાનિયેલ ૬

"તમારા વચનનો પ્રવેશ પ્રકાશ આપે છે."
ગીતશાસ્ત્ર ૧૧૯:૧૩૦

# સમાભ

આ બાઈબલની વાર્તા જણાવે છે. આપણને
કોણે બનાવ્યા અને તે ઈચ્છે છે કે તમે તેને ઓળખો.

ઈશ્વર જાણે છે કે આપણે ખરાબ
બાબત કરી કે જેને તે પાપ કહે છે. પાપની શિક્ષા
મરણ છે, પણ ઈશ્વર આપણને ખૂબ જ પ્રેમ કરે છે. જેથી તેણે
પોતાનો એકનો એક દિકરો, ઈસુ તેને મોકલી આપ્યો છે, જે
વધસ્તંભ પર મરી જઈને તમારા પાપની શિક્ષાને ઉઠાવી લીધી છે.
ત્યાર બાદ પ્રભુઈસુ જીવતા પાછા ઉઠીને પોતાનું ઘર જે સ્વર્ગ છે
તેમાં ગયા છે. તમે ઈસુ પર વિશ્વાસ રાખો છો તમે તમારા પાપોની
માફી માટે તેની પાસે માંગી શકો છો, તે તમારા પાપ માફ કરશે, તે
તમારી પાસે હ્રદયમાં અંદર આવીને તમારી સાથે રહેશે
અને તમે સદાકાળ તેની સાથે રહી શકશો.

જો  તમે આ સત્યને સ્વીકારો છો તો તમે આ કહો:
પ્રિય ઈસુ, હું માનું છું કે તમે ઈશ્વર છો, અને મારા પાપો માટે મૃત્યુ પામવા માણસ બન્યા, તમે આજે જીવીત છો, કૃપા કરી તમે મારા જીવનમાં આવો અને મારા પાપોની માફી આપો. જેથી મને નવું જીવન પ્રાપ્ત થાય અને હું સદા તમારી સાથે રહી શકું. તમારી આજ્ઞાઓ પાળવા માટે મને મદદ કરો જેથી હું તમારું બાળક બની શકું. આમીન.

બાઈબલ વાંચો અને ઈશ્વરની સાથે દરરોજ
વાત કરો યોહાન ૩:૧૬